


## સલામી સવારની..

*રોજ નવાં સપનાં જોઈ મૂખડાં મલકાઈ ગ્યાં !*
*ને વાતોનાં વડાં ખાઈ, પ્રજાનાં પેટ ભરાઈ ગ્યાં !*
*પલકાઈ ગ્યાં આંખે આંસુ સૂકાં સરોવર જોઈ -*
*જુઓ ને ! નદી-નાળાં-તળાવ કેટલાં છલકાઈ ગ્યાં !*
*(મતપેટી 'ડેમ'માં આવ્યું પાણી...)*

હાઈકુ

*વાતાવરણે,*
*પ્રકૃતિ - રાજકીય -*
*આવ્યો છે પલ્ટો !!*
*(અચાનક ગાજવીજ)*

*થાય હાજર !*
*ઉદ્‌ઘાટન પ્રસંગે -*
*નર્મદા નીર...*
*(ભરાસે ડેમ ટીપે ટીપે -*
*('હમીરસર' ભરાઈ ગ્યું?!)*

## ચિંતન

**જો ચિન્હે તાકો નિરમલ અંગા, અન ચિન્હે નલ ભયે પતંગા**

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**જેણે પરમાત્મા - બ્રહ્મ ને ઓળખી લીધા તેમનું હૃદય પવિત્ર થઈ ગયું અને જેમણે ઓળખ્યા નહિ તે જીવ વિષયાગ્નિમાં બળી મરે છે.**

**માયા અને તેનાથી ઉત્પન્ન થયેલ જગત મિથ્યા અને આત્માથી અલગ છે અને સત્પુરુષ - પરમાત્મા સત્ય સ્વરુપ અને આત્માથી અભિન્ન છે. જગત દુઃખરુપ અને બ્રહ્મ સુખરુપ છે. આ પ્રમાણે યથાર્થ સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાન જેને થયું હોય તેનાં શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણ શુદ્ધ બની જાય છે. પાપરહિત થઈ જાય છે. માયિક પદાર્થોમાંથી જેની આસક્તિ દૂર થઈ ગઈ તે સંસારબંધનથી મુક્ત થઈ ગયો. પરમાનંદ સ્વરુપ પરમાત્માને મળી ગયો.**

## સુવિચાર

- દરેક માણસ અજ્ઞાની છે પણ દરેકનું અજ્ઞાન જુદી જુદી જાતનું હોય છે - **વીસ રોજર્સ**
- મંઝીલ ભલે મળે ન મળે રાહબર મને, પણ પંથ ચાલવામાં મજા હોવી જોઈએ - **સાબિર અલી**
- હવાથી ભરેલી ધમણની પેઠે હું ફુલ્યો ફુલ્યો કરું છું, હે પ્રભુ મને ક્ષમા કરો, મને ક્ષમા કરો!! - **ઋગ્વેદ**
- હિંસાથી જેનું ચિત્ત દુભાય છે તેને સાચો હિંદુ કહે છે - **વિનોબા ભાવે**
- શાંતિનું દાન દેવા માગે એની કિંમત લેખે જિંદગી આપણી પાસેથી હિંમત માગે છે - **નિરંજન ભગત**
- કો'રામ ભક્ત હોય કો બંદો રહીમનો હમદર્દ હોય એને હમદમ બનાવીએ ! - **અમૃત ઘાયલ**
- આજનું ઔષધ : સોયાબીનમાં ફલેવોનાઈડ નામનું તત્ત્વ હોય છે. જે લોહીમાં કોલેસ્ટેરોલની માત્રા ઘટાડે છે. તથા શરીરમાં કમજોરી આવતી અટકાવે છે **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

વર્ષો પહેલા ઔરંગઝેબના ભાઈ દારાશિકોહે એ ઉપનિષદનો થોડો ભાગ સાંભળ્યો. એને રસ પડ્યો અને આનંદ પણ થયો. તેની બહેન ઝેબુનિસ્સાને પણ એણે ઉપનિષદ ફારસી ભાષામાં અનુવાદ કરી વંચાવ્યા. ઝેબુનિસ્સાને પણ ઉપનિષદના જ્ઞાનથી શાંતિ થઈ.

એ જમાનામાં અરીસા મળતા ન હતા. કેવળ રાજાને ત્યાં જ અરીસા હોય. ઝેબુનિસ્સા પાસે એક કિમતી અરીસો હતો. જે તેને ખૂબ વ્હાલો હતો. એક દિવસ ઝેબુનિસ્સા તડકામાં બેઠી હતી અને એણે દાસી પાસે અરીસો મંગાવ્યો. દાસી અરીસો લઈને આવતી હતી, એમાં એનું ધ્યાન પોતે કેવી દેખાય છે એમાં હતું અને ઠોકર વાગી અને કિંમતી અરીસો ફૂટી ગયો. ઝેબુનિસ્સા હવે દાસીને સખત સજા કરશે એવું વિચારીને તે ધ્રુજવા લાગી. દાસીને આવતા વાર લાગી એટલે ઝેબુનિસ્સા જાતે ઊભી થઈ પોતાના ઓરડા તરફ જતા જોયું અરીતો તો ફુટી ગયો હતો... એણે ઉપનિષદનું જ્ઞાન યાદ આવ્યું અને હસીને બોલી, 'એણે ઉપનિષદનું જ્ઞાન યાદ આવ્યું અને હસીને બોલી 'ભૂલથી અરીસો તૂટી ગયો તો સારું થયું. વિલાસિતાનું સાધન સમાપ્ત થઈ ગયું. ઉપનિષ્દો અને તેના બ્રહ્મજ્ઞાનનું આ મહત્ત્વ છે.'

# કચ્છડો બારે માસ

તંત્રીસ્થાનેથી...

કચ્છી નવું વરસ તો અષાઢી બીજે શરુ થાય છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુઆયોજિત કચ્છ પ્રવાસનો દિવસ જાણે વિકાસની હરણફાળ ભરી રહેલા આ છેવાડા પ્રદેશ માટે નવા યુગનો પ્રારંભ બની રહ્ય હોય એવો માહોલ સરજાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે કચ્છ હરહંમેશ એક 'ખાસ' પ્રદેશ રહ્યો છે - એમણે કચ્છના કાયાકલ્પમાં સિંહફાળો આપ્યો છે. એનો પણ ઈનકાર થઈ શકે એમ નથી. એમણે સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભે શ્યામજી કૃષ્ણવર્માનાં અસ્થિ વિદેશથી લઈ આવી એમના વતન માંડવીને સુપરત કર્યા. એક નોખુ-અનોખુ તીર્થ સરજાઈ ગયું. એ જ રીતે કચ્છના સફેદ રણને એમને દુનિયાનું આકર્ષણ બનાવી દીધું. રણ મહોત્સવ એ કચ્છની એક આગવી ઓળખ બની રહ્યો. અમિતાભ બચ્ચન જેવી દંતકથારૂપ હસ્તી કચ્છના ગામે ગામ ફરીને 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' જેવું સૂત્ર વહેતું મૂકે એની પાછળ પ્રભાવ તો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો જ. કચ્છની લાલન કૉલેજ ખાતે દિલ્હીના લાલ કિલ્લા જેવું દશ્ય ઊભું કરી એમણે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ત્યારે ઘણા બધાને એ નાટકવેળા લાગેલા પરંતુ વળતી પંદરમી ઑગસ્ટે નરેન્દ્ર મોદીના જ હસ્તે દિલ્હીના લાલ કિલ્લા પરથી ધઅવજ ફરકાવાયો હતો જે હકીકત છે. આમ ડગને ને પગલે કચ્છ મોદીને અને મોદી કચ્છને ફળતા રહ્યા છે. કચ્છનો ભૂકંપ પણ જેમ કચ્છને ફળ્યો એમ મોદીને ફળ્યો છે. કેશુભાઈ પટેલની સરકારને કચ્છના ભૂકંપ પછીની પરિસ્થિતિને લીધે જવું પડ્યું - એમ કહીએ તો અતિશયોક્તિ નથી. આજે કચ્છ દેશનો સૌથી વિશેષ વિકાસશીલ જિલ્લો બની રહ્યો છે. વળી એ વિસ્તારની રૂએ દેશનો સૌથી મોટો જિલ્લો પણ ગણાય છે. હવે જયારે એને નર્મદાનાં અઢળક નીર ઉપલબ્ધ થઈ રહ્યા છે. ત્યારે કચ્છની કાયાપલટ થતાં વાર નહીં લાગે. ખજૂર, ખારેક અને કેસર કેરી પકવતું કચ્છ હરિયાળું બનતા મબલખ અનાજ પેદા કરી ગુજરાતનું પંજાબ બની જાય તો નવાઈ નહીં. ઉદ્યોગોને લીધે કચ્છની આખી ઓળખ જ બદલાઈ ગી છે. કંડલા પોર્ટ હવે ઈરાનના ચૌબહાર બંદર સાથે જોડાતાં આપણને પાકિસ્તાન અને ચીનની આડોડાઈ સામે ઝીંક ઝીલવાની અનુકૂળતા રહેશે. કંડલા પોર્ટના આધુનિકીકરણ પાછળ અબજોનું રોકાણ કરવા ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એને ભારતીય જનતા પાર્ટીના વિચારપુરુષ દીનદયાળ ઉપાધ્યાયની સ્મૃતિ સાથે સાંકળવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. વળી 'સાગરમાળા' પ્રોજેક્ટ અન્વયે દરિયાઈ વાહનવ્યવહારનો માર્ગ મોકળો બનતાં ગુજરાત દેશ અને દુનિયા સાથે જળમાર્ગે જોડાઈ જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે નલિયા કાંડ જેવી ઘટના અને એ પહેલાં કોઈ અનામી મહિલાની જાસૂસી જેવી બાબતો શિરોવેદના સરજે તે સ્વાભાવિક છે. કોંગ્રેસના વરિષ્ઠ રાજપુરુષ શક્તિસિંહ ગોહિલે ભાવનગરની વતનની બેઠક છોડી કચ્છનું પ્રતિનિધિત્વ કરવાનું શરુ કર્યું છે, એ પણ ભારતીય જનતા પાર્ટી માટે ચિંતાનો વિષય હતો. આથી કેન્દ્ર પાસેથી કચ્છને વધુમાં વધુ પ્રોજેક્ટ મળી રહે અને આગામી વિધાનસભાની ચૂંટણી વખતે કચ્છ કેસરિયા પાર્ટી સાથે રહે એ દૃષ્ટિએ પણ મોદીનો આ પ્રવાસ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

# આખરે રૂપિયા મળતાં રાજુ ખુશ થયો...




રાજુ નેતા માતાપિતાનો એકનો એક લાડકો દીકરો હતો. નિશાળમાં માસ્તરો બાળકોને બહુ મારતા હોય છે. એવા ડરને લીધે તેમણે રાજુને નિશાળમાં ભણવા મોકલેલો જ નહીં. તેમનું મકાન શેરીના અંદરના ભાગે હોઈ કોઈ વેપાર થઈ શકે તેમ નહોતો.

રાજુ મોટો થતાં તેને પિતાએ એક દુકાન તેના માટે ભાડે લઈ લીધી. તેના પિતાએ પોતાના પાસે હતી એ બધી મૂડી તેમાં રોકીને કરિયાણાનો સ્ટોર કરી આપ્યો. જીવન જરૂરિયાતની ચીજો હોવાથી વેચાણ થવા લાગ્યું. દુકાન થોડા દિવસ તો બહુ સારી રીતે ચાલી. આજુબાજુના રહીશો અને પાડોશીઓ ખુશ થયા. તેને હવે રોજ જરૂરિયાતની ચીજ વસ્તુઓ લેવા દૂર જવું પડતું ન હતું. બધા રાજુ પાસેથી જ વસ્તુઓ ખરીદતા અને મહિનો પૂરો થતાં વેતન મળે એટલે તેમાંથી રૂપિયા ચૂકવી દેવતા. પણ ધીરે ધીરે દુકાનની ઉધારી વધવા લાગી.

ગ્રાહકો ઉધાર લઈ ગયા પછી દુકાનનો રસ્તો ભૂલવા લાગ્યા. બધી મૂડી ખલ્લાસ થઈ ગઈ.

હવે દુકાનમાં રાજુએ બેગ રીપેરીંગનું કામ શરું કર્યું. પણ રોજ રોજ કંઈ બધાની બેગ ખરાબ થાય એવું તો બને જ નહીં. તેથી રીપેરીંગ કરાવવા રોજબરોજ તો કોણ આવે ? આથી રાજુની આવક ઘટવા લાગી. ઘરનો ખર્ચ પણ હવે તો માંડ માંડ નીકળતો હતો. લાઈટ બીલ ભરવા જેટલા રૂપિયા ભેગા થતા ન હતા. તેથી વિજળી વિભાગ વાળાઓએ ઘર અને દુકાનનું લાઈટનું કનેકશન કાપી નાખ્યું હતું.

રાજુના માતાપિતા ગુજરી જતાં હવે તો બિલકુલ એકલો થઈ ગયો. વિજળી ન રહેવાના કારણે અંધારું થતાં પહેલાં તેને દુકાન બંધ કરી દેવી પડતી. દુકાન માલિકે દુકાન ખાલી કરાવવા માટે પ્રયત્ન કર્યો પણ રાજુએ ના પાડી દીધી. કેમ કે માત્ર સાડા ત્રણસો રૂપિયા ભાડાની દુકાન હતી. દુકાન માલિકે કોર્ટમાં કેસ દાખલ કરી દીધો. રાજુને તો ખાવાના પણ ઠેકાણાં ન હતા. ચણા ફાકીને રહેવા સાથે મુકદવાની જાતે જ પૈરવી કરવા લાગ્યો. બધા કાયદા ભાડુઆત તરફી બનેલ હોવાથી દુકાન માલિક કેસ લડતાં હેરાન પરેશાન થઈ ગયો. કોર્ટમાં આખો દિવસ હાજરી આપ્યા બાદ સાંજે તારીખ પડી જતી.

છેવટે દુકાન માલિકે રાજુને તે દુકાન ખાલી કરી આપવાના બદલામાં સાડા ત્રણ લાખ રૂપિયા આપવાનું જણાવ્યું.

રાજુ તો ખુશ થઈ ગયો. તેણે તેની વાત સ્વીકારી લીધી. રાજુની દુકાન આમ પણ પહેલેથી જ ખાલી જ હતી. ખાલી કરી દીધી. રાજુએ પોતાનું તાળું ખોલીને લઈ લીધું.

બેગ રીપેરીંગનો થોડો સામાન હતો તે હટાવી લીધો. અને સામેના લીમડાના ઘટાદાર ઝાડની નીચે લઈ જઈ ગોઠવી લીધો. બેગો રીપેરીંગ કરવાનું કામ તેણે ત્યાં ચાલુ કરી દીધું.

જો કે સાડા ત્રણ લાખ રૂપિયા મળતાં રાજુ હવે ખુશ હતો.

# પ્રેમનો આવિર્ભાવ પ્રગટ અને અપ્રગટ




અમૃતા પ્રિતમ (૧૯૧૯-૨૦૦૫) એટલે વીસમી સદીનાં ભારતીય સાહિત્યનાં જાણીતાં સાહિત્યકાર. તેમણે લખ્યું છે કે ''પ્રેમ એ જિંદગીની અવિસ્મરણીય ઘટના છે. જો તમે જીવનમાં કોઈનો પણ બિનશરતીય અને નિર્દોષ પ્રેમ પામી શક્યા નથી તો તમારું જીવન જ નિષ્ફળ છે. પ્રેમ એ જ તો જીવનની સાર્થકતા છે. કમનસીબે દરેક વ્યક્તિને કોઈનો બિનશરતીય અને અઢળક પ્રેમ આજીવન મળે એવું બનતું નથી.''

પાકિસ્તાનના પંજાબ પ્રાન્તમાં ગુજરાંવાલાં તેમનું જન્મસ્થળ. હિન્દુસ્તાનના ભાગલા પછી અમૃતા પ્રિતમ પરિવાર સાથે સ્થળાંતર કરીને ભારત આવ્યાં. ઉત્તરાવસ્થામાં તેઓ નવી દિલ્હીમાં જ રહ્યાં અને ૨૦૦૫માં મૃત્યુ પામ્યાં. પંજાબી અને હિન્દી ભાષામાં તેમણે યાદગાર કવિતાઓ, નવલકથાઓ અને લલિત નિબંધોનાં ૧૦૦થી વધુ પુસ્તક આપ્યાં છે. તેમની ''પિંજર'' નામની નવલકથા ઉપરથી ફિલ્મ પણ બની છે.

તેમનાં લગ્ન સામાજિક રીતરિવાજ પ્રમાણે સને ૧૯૩૫માં પ્રિતમ સિંગ સાથે થયાં અને તેઓ અંગત મતભેદને કારણે સને ૧૯૬૦માં છુટા પડ્યાં. અમૃતા પ્રિતમ હિન્દી સિનેમાનાં જાણીતા ગીતકાર સાહિર લુધિયાનવીનાં પ્રેમમાં હતાં પણ એક ન થઈ શક્યાં. તેમની આત્મકથા ''રેવન્યુ સ્ટેમ્પ'' (રસીદી ટિકિટ) જાણીતી છે. સને ૧૯૬૫થી સતત ૪૦ વર્ષ મૃત્યુ પર્યંત ઈમરોઝ નામના ચિત્રકાર પ્રેમી સાથે લિવ-ઈન રિલેશનશીપમાં રહ્યાં. તેમણે પોતાની આ પ્રેમકથા ''અમૃતા-ઈમરોઝઃ એ લવસ્ટોરી'' પુસ્તકમાં આલેખી છે.

વાત નિખાલસ પ્રેમની અને પ્રેમની કબુલાતની વાત છે. પ્રેમનો આવિર્ભાવ પ્રગટ કરવો અને અપ્રગટ રહેવા દેવો એવી કશ્મકશ પ્રેમની મોસમ બેસે ત્યારે હોય છે. ઈસવીસન પૂર્વે ૪૧મા વર્ષમાં ઈજિપ્તની મહારાણી ક્લિયોપેટ્રાને રોમન આર્મીના ચીફ માર્ક એન્ટોની સાથે પ્રેમ થઈ ગયો હતો. દુનિયાની આ સૌથી જૂની પ્રેમકથા છે. પ્રિયજન તેની પ્રિયતમા માટે લવસોંગ ગાઈને પોતાનો પ્રેમ વ્યક્ત કરતો હોય છે. આવું લવસોંગ ઈસવીસન પૂર્વે ૧૯૮૯ના વર્ષમાં મિડલઈસ્ટ પ્રદેશમાં લખવામાં આવ્યું હતું.

> **વાત નિખાલસ પ્રેમની અને પ્રેમની કબુલાતની વાત છે, પ્રેમનો આવિર્ભાવ પ્રગટ કરવો અને અપ્રગટ રહેવા દેવો એવી કશ્મકશ પ્રેમની મોસમ બેસે ત્યારે હોય છે**

પ્રેમ વ્યક્ત કરવા માટે પ્રિયતમાની તર્જનીમાં રિંગ-વિંટી પહેરાવવાની ઔપચારિકતા પણ હજારો વર્ષ જૂની છે. ઈસવીસન પૂર્વે ૨૭મા વર્ષમાં રોમન લોકોમાં એક માન્યતાને આધીન આવી વિંટી પહેરાવવાની શરુઆત થઈ. આપણી ભારતીય સંસ્કૃતિમાં તો પ્રેમની મોસમ એટલે વસંત ઋતુ. પરંતુ વિદેશોમાં તા.૧૪ ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે એટલે કે પ્રેમદિન તરીકે મનાવવામાં આવે છે. આ સ્પેશિયલ દિવસ મનાવવાની શરુઆત પણ ઈસવીસન પૂર્વે પોપ ગેલાસિયસે ખ્રિસ્તી શહીદોની યાદમાં કરી હતી. પરંતુ સમય જતા એમાં ફેરફાર આવતા ગયા.

''લવ'' શબ્દ પહેલી વાર ઈસવીસન પૂર્વેના ૯૦૦મા વર્ષમાં જૂની અંગ્રેજી ભાષામાં ''ફૂફૂ'' શબ્દ પરથી પ્રયોજવામાં આવ્યો અને પહેલી વાર ઉપયોગમાં લેવામાં આવ્યો. દુનિયામાં પહેલી વાર કોઈ પ્રેમી યુગલની પ્રેમકથા લખવામાં આવી હોય તો એ રોમિયો-જુલિયટની પ્રેમકથા છે. ઈસવીસન ૧૫૯૭માં બ્રિટિશ સાહિત્યકાર વિલિયમ શેકસ્પિઅરે રોમિલો-જુલિયટની પ્રેમકહાની લખી. જે આજે પણ બેસ્ટ સેલર ગણાય છે. પ્રેમની વાત કરીએ તો તાજમહલને કેમ ભુલી જવાય. હિન્દુસ્તાનના શહેનશાહ શાહજહાએ પોતાની બેગમ મુમતાજમહલની યાદમાં બનાવડાવેલો તાજમહલ ઈસવીસન ૧૬૩૨માં તૈયાર થયો. ૨૨,૦૦૦ મજુરોએ ૨૨ વર્ષની મહેનત કર્યા પછી આ સ્થાપત્યની કવિતા તૈયાર થઈ.

ઈસવીસન ૧૮૧૩માં અંગ્રેજી લેખક જેન ઓસ્ટને ''પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડિસ'' નામની કલાસિક લવસ્ટોરી-નોવેલ લખી. સને ૧૮૪૦ પછીથી બ્રિટિશ એમ્પાયરનાં ક્વીન વિકટોરિયાના ફેશનેબલ સફેદ વેડિંગ ડ્રેસને એટલી લોકપ્રિયતા મળી કે એમણે પરિધાન કરેલા આ ડ્રેસને પશ્ચિમના દેશોમાં અને હવે તો ભારતમાં પણ ખ્રિસ્તી પરિવારોમાં લગ્નવિધિ વખતે નવવધૂ અવશ્ય પહેરે છે. પ્રેમ કદાચ ઝાકળ જેવો છે. એકરાર કરવામાં વાર લાગે તો પ્રેમ ઝાકળ બનીને ઊડી પણ જાય.

સ્ટોપર :

'મૈં ચુપ શાન્ત ઔર અડોલ ખડી થી
સિર્ફ પાસ બહતે સમુન્દ્ર મેં તૂફાન થા
ફિર સમુન્દ્ર કો ખુદા જાને
કયા ખ્યાલ આયા
ઉસને તૂફાન કી એક પોટલી સી બાંધી
મેરે હાથોં મેં થમાઈ
ઔર હંસ કર કુછ દૂર હો ગયા'

-અમૃતા પ્રિતમ

# ભરચક જીવનનો ખાલીપો...!! જિંદગી એટલે મોબાઈલને મંતરવાથી બાકી બચેલો સમય...!!




'સર, બારીની બહાર શું તાકી રહ્યા છો?' ૩૫ વર્ષની પીએ પૂર્વીએ ચેરમેનને પ્રશ્ન કરતાં મિ. મંગલમ્‌ની તંદ્રા ખુલી. ૮૫ વર્ષની વય પાર કરી ગયેલા મિ. મંગલમ્ દિલ્હીની ઑફિસમાં બેસીને નવી-જૂની દિલ્હીની અનાયાસ તુલના કરતા હતા.



'પૂર્વી, કેટલું બદલાઈ ગયું છે, નહીં?' એમ કહીને એને ટાઈપ કરવા આવેલા પેપર્સ લઈ, એને સાનામાંજ બહાર જવાનું કહી ફરીથી એ કાચની પેલે પાર દેખાતું દિલ્હીનું દશ્ય જોવા લાગ્યાં. નવી દિલ્હી અત્યંત મનોરમ્ય દેખાતી હતી.

ઈન્દિરા ગાંધી એરપોર્ટ, રાષ્ટ્રપતિ ભવન, સાઉથ અને નોર્થ બ્લૉક, મંત્રાલય, સફદરજંગ અને હુમાયુની કબર, આટલું જ શું કામ એમને ઈન્ડિયા ગેટ પણ એકદમ સ્પષ્ટ દેખાતો હતો. એનાથી વિરુદ્ધ મિ. મંગલમ્‌ને જમણી બાજુના કાચમાંથી દક્ષિણ દિલ્હીનો ભરચક નજારો સામે આવે છે.

ત્યાં માત્ર ઈમારતો દેખાય છે. જમણી બાજુ પ્રયત્ન કરવા છતાં પ્રધાનમંત્રીનો બંગલો દેખાતો નથી કારણ એ ઝાડીઓમાં છુપાયો છે. કુતુબમિનાર દેખાતો નથી કારણ એ ઈમારતોની ભીડમાં છૂપાયો છે. ભૂગોળ તો ઢંકાઈ જ ગયો છે, પણ ઈતિહાસ પણ હવે નજરે ચઢતો નથી.

એમણે એક દેખીતો ફેર દેખાય છે. જમણીબાજુ આટલું મનોરમ્ય દશ્ય કેમ છે ? કારણ ત્યાં અનેક જગ્યાઓ ખાલી છે. ડાબીબાજુ સિમેન્ટના જંગલને કારણે બધી ખાલી જગ્યાઓ ભરાઈ ગઈ છે. ઝાડ, મેદાન, બગીચા માટે ત્યાં નો એન્ટ્રી જેવી હાલત છે.

જમણી બાજુ ઈમારતો છે, પણ એકાદ અપવાદ બાદ કરતાં આ બધી બિલ્ડીંગ કરતાં પોતાની ડોક બહાર કાઢતી નથી. એટલે સાચા અર્થમાં એ ઝાડ પાછળ સંતાઈ છે. પોતાના કરતાં ઝાડનું સ્થાન મોટું છે એવું જે શહેર સમજે છે તે શહેર આપોઆપ સુંદર બને છે એવું જે શહેર સમજે છે તે શહેર આપોઆપ સુંદર બને છે ? રાષ્ટ્રપતિ ભવનથી લઈ ઈન્ડિયા ગેટ એકદમ સ્પષ્ટ દેખાય છે, યમુમા નદી સુધી ભરાયેલી કરતાં ખાલી જગ્યા વધુ છે.

બિલ્ડીંગ ડિઝાઈનના ક્ષેત્રમાં કામ કરતાં મિ. મંગલમ્ વિચારતાં હતાં કે ફક્ત નવી દિલ્હીની ડિઝાઈન મગજમાં રાખી એનું પુનરાવર્તન કયુ હોત તો પણ બાગ, મેદાન, શાળા બધાંને જ વિશાળ જગ્યા મળી હોત. પ્રત્યેક વાતને આપણે જનસંખ્યા સામે જોડીએ છીએ. ગામથી શહેર તરફ વહી રહેલા લોકોને રોકવા અશક્ય છે. શિક્ષિત અને નોકરિયાત એમનું આશિયાના વસાવી લે છે, પણ બેરોજગાર લોકો ઝૂંપડી અને રસ્તા પર, બ્રીજ નીચે અતિક્રમણ કરે છે અને નગરપાલિકા મતના ટેન્શનમાં એમને પંપાળે છે.

> ગમ્યું નથી જે કદી તે ગમાડવા લાગ્યાં,
> અમે બસ એમ હૃદયને રમાડવા લાગ્યાં.
> એલાર્મો હારી ગયા એક ધારા વાગીને,
> અને તમે શું જગતને જગાડવા લાગ્યાં !
> -મહેબૂબ સોનાલિયા

એમને સેટલ કરવામાં ખાલી જગ્યાઓનો ભોગ લેવાય છે. એમાંય જો કોઈ ક્રિમ જગ્યા હોય તો મળતીયાઓ એમની ઈચ્છાશક્તિ પ્રમાણે વિકાસના નામે પોતાનો અંગત વિકાસ સાધી લે છે અને એક ખાલી જગ્યા ભરાઈ જાય છે !

બાળકોને રમવા, પ્રોઢો વાતો કરવાં, સામુહિક કાર્યક્રમ કરવાં, ઉત્સવનું આયોજન કરવા, સભા, નાટક-સર્કસ, ફરવાં, વ્યાયામ કરવાં કે ઓક્સિજન સભર શ્વાસ છાતીમાં ભરવાં ખુલ્લી જગ્યાઓ જોઈએ જ, એવું વિચારતાં મિ. મંગલમ્ એમના ટાઉન પહોંચી ગયા. જીવન જેવું જીવવું હોય તેવું ત્યાં જીવી શકાય.

આજના આ 'યે દિલ માંગે મોર' અને ફટાફટના જમાનામાં ફક્ત ખુલ્લી જગ્યા જ નહીં પણ ખુલ્લા મનનાં માણસો પણ બચ્યાં નથી. 'ખુલ્લા દિલનો માણસ' આ પ્રજાની કદાચ આવનારા વર્ષોમાં ઈતિહાસમાં જમા થઈ જશે.

કયારેક ફાઈલ તો કયારેક વોટ્સએપ, ફૅસબુક, ઈમેલ, કયારેક પાર્ટીમાં તો કયારેક ઑફિસ સિવાય પણ ખીચોખીચ મિત્રોથી ભરેલો સપ્તાહ ! વિક એન્ડમાં માણસ બધુ જ વ્યસ્ત થાય. મુક્ત વિચાર, નવનિર્મિતી, સર્જનશીલતા આ બધા માટે જગ્યા કયાં છે ? બધી જગ્યાઓ ભરાયેલી છે. ખાલી કોઈ જગ્યા નથી. જે જુઓ તે મોબાઈલમાં ટચ અને વાસ્તવિકતા સાથે અનટચ થઈને મચ્યો છે.

આવાં બધાં લોકો જોઈન થાય છે કે બધાંને રિસેટ કરઈ દઉં. એમનો બધો ડેટા ગટરમાં ફેકી દઉં. એમની બધી જ વ્યવસ્થાને એક મોટો ઈરેઝરથી ભૂંસી નાંખુ. એમાથી એમને નવી કડકડતી નોટ જેવા ગુલાબી બનાવી દઉં. એમને થોડા બે મીઠાં શબ્દો બોલતાં શીખવું. 'કાલે - પરમ દાડે' મળીએ એવો વાયદો આપતા કરું. 'ચા પીવા આવજો' એમ નહીં પણ 'ચા પીને જવાનું છે.' એવો આગ્રહ કરતાં શીખવું. મિ. મંગલમ્ ક્રાંતિકારી બન્યાં હતા.

મિ. મંગલમ્ ૮૫માં વર્ષે પણ અડીખમ અને ટેકનોલોજીને અપનાવવામાં માનતા હતા. પણ એમની વ્યથા એટલી જ હતી કે માણસ આ મોબાઈલને મંતરવામાં એટલો બીઝી બની જાય કે મળવા આવેલા મિત્રો વચ્ચે, મુવીકે ગાર્ડનમાં પણ એમાં માથું ઘુસાડે ? તેઓ દરરોજ માત્ર એક જ કલાક માટે વોટ્સએપ - ફૅસબુક ઓપન કરતાં હતા. કયારેક કોઈ મહત્ત્વનું ડોક્યુમેન્ટ કે રેટ ફાયનલ કરવા એ વોટ્સએપ ઑપન કરવું પડે તો એટલું જ જોઈને બંધ કરતા હતા.

એમને સતત એમ લાગતું કે માણસોએ હવે દૃષ્ટિભેટ, ગળાભેટ, સહભોજન, કિટલી પરની ચા, પ્રવાસ અને વતનનો આંટો મારવા સમય કાઢવો જ પડશે. ટૂંકમાં આ મહાકાય કિડીઓના રાફડામાંથી બહાર નીકળી, આપણે જે સુવિચાર દિવસ-રાત બધાંને ફોરવર્ડ કરીએ છીએ. એ વાસ્તવિકતામાં લાવીને જીવવા માટેનો આનંદ મેળવવો પડશે. પ્રેરણાદાયી વીડિયો જોવા કરતાં પ્રેરણાદાયી જીવવું પડશે. પોતાના માટે જ ખાલી જગ્યા શોધવી પડશે. બાકી જમાનો અને જમીનો તમને ગળી જવા તૈયાર જ છે.

'સર, તમારો ફોન નો રિપ્લાય આવે છે. નાના શેઠ પ્રયત્ન કે છે.' પૂર્વીએ ફરી મિ. મંગલમ્‌ને જગાડ્યા, એમણે સાયલન્ટ કરેલો ફોન રીંગીંગ કર્યો અને પોતાનો જન્મદિવસ ગામમાં ઉજવવા માટેની ફટાફટ સૂચના પૂર્વીએ આપવા માંડી... બચેલી જિંદગીનો ખાલીપો એ ભરવા માંગતા હતા !

ચૂંટલો :

ખાલી જગ્યાનું ઘણું મહત્ત્વ છે, એ પછી જમીન હોય કે મન. ભરચક જીવતાં માણસ અનોખો ખાલીપો ભોગવતાં હોય છે. સતત ઑન લાઈન રહીને નજીકના લોકોથી ઑફ લાઈન થતાં માણસો જો સમયસર નહીં જાગે તો મન પર ખાલી ચઢી જતા વાર નહીં લાગે !